સર્જનાત્મક અને સંવેદનાત્મક સંસ્કારોને
સમજણ સાથે પ્રદાન કરતું

## શ્રી વર્ધમાન સંસ્કૃતિધામ

**સંચાલિત**

**શેઠશ્રી કાંતિલાલ લલ્લુભાઈ ઝવેરી**

# તપોવન સંસ્કારધામ

# આપણું ઘરેણું

**પ્રેરણા અને આશીર્વાદ :**
**યુગપ્રધાન આચાર્યસમ**
**પ.પૂ.પં.પ્ર. શ્રી ચંદ્રશેખરવિજયજી મ.સાહેબ**

## જ્વલંત પ્રવૃત્તિઓ
## અને
## જીવંત સંસ્કરણ સૂચિ

પ્રકાશક તપોવન સંસ્કારધામ, નવસારી.
તા. ૨૪-૧૨-૨૦૧૭

---

**સર્જનાત્મક અને સંવેદનાત્મક સંસ્કારોને સમજણ સાથે પ્રદાન કરતું**

# તપોવન

**પ્રકાશક તારીખ**
**૨૪-૧૨-૨૦૧૭**

**પ્રકાશક**
**તપોવન સંસ્કારધામ**
ધારાગિરિ,
પો. કબીલપોર,
તા. નવસારી - ૩૯૬૪૨૪

**ગૃહપતિ**
મો. ૯૩૭૭૭ ૭૦૦૦૬

**ટ્રસ્ટીશ્રી**
શ્રી લલિતભાઈ જે. ધામી
શ્રી યોગેશભાઈ મ. શાહ
શ્રી રમેશભાઈ યુ. ચાવાલા
શ્રી ભદ્રેશભાઈ ર. શાહ
શ્રી જયોતિષભાઈ ન. કુવાડીયા
શ્રી અશ્વિનભાઈ જ. મહેતા
શ્રી વિનોદભાઈ હ. દોશી

**તંત્રીશ્રી**
**શ્રી ભાવિનભાઈ**
**શ્રીમતિ ચૈતાલીબેન**
મો. ૯૩૭૭૭ ૭૦૦૦૬

## તંત્રી સ્થાનેથી...

**માતા-પિતાને...**

**માતા-પિતાની બાળક માટેની મહત્વની ભૂમિકાઓ :**

૧) ઉદાહરણરૂપ બની રહેવું ( To be a Role Model )
૨) કેળવણીકાર બની રહેવું ( To be an Edacator )
૩) સંવર્ધક બની રહેવું ( To be a Facilitator )
૪) મિત્ર બની રહેવું ( To be a Friend )

**માતા-પિતાની કેટલીક મહત્વની જવાબદારી :**

૧) સંતાનોને ચાહવા-માણવા.
૨) સંતાનોના ચારિત્ર્યનું દ્રઢિકરણ કરવું.
૩) સંતાનોને સ્વાવલંબન શીખવવું.
૪) સંતાનોને 'મૂળિયા' અને 'પાંખો' પૂરા પાડવાં.

- માતા-પિતા જેમ કરે છે તેમ સંતાનો કરે છે. જેમ કહે છે તેમ નહી.
- માતા-પિતા પોતાના બાળકોને એક સર્વોત્તમ ભેટ આપવા માંગતા હોય તો તેમને ઊંડાણપૂર્વક ચાહો.
- બાળકો માટે આજીવન શિક્ષક બની રહો.
- બાળકોને આદરપૂર્વક, સન્માનપૂર્વક નિહાળો, તેના અલાયદા વ્યક્તિત્વને સ્વીકારો.
- બાળકોને પોતાના (માતા-પિતા વિના) વગર જીવતા શીખવો.
- બાળકો સામે સૂચનાત્મક કે ઉપદેશાત્મક ભાષા ન વાપરો.
- બાળકોને પ્રોત્સાહન આપવાથી તે આત્મવિશ્વાસુ બને છે.
- બાળકોને સલામતીની અનુભૂતી થવાથી તેની પોતાનામાં તથા આજુબાજુના લોકોમાં શ્રદ્ધા વધે છે.
- બાળકોને તેમની કલ્પનાઓમાં જીવવા દો.

જે કુટુંબમાં સંતાનો પ્રેમથી પોંખાય છે, તેમનામાં હકારાત્મકતાનું સિંચન થાય છે, અને તેમની પ્રશંસા ઉદારતાથી તથા ટીકા સ્નેહ અને સંયમપૂર્વક થાય છે, ત્યાં સંતાનોની પ્રતિભા અને આત્મવિશ્વાસ ગગનચુંબી ઊંચાઈઓ ધારણ કરે છે.

નમો નમ...

- ચૈતાલીબેન શાહ